# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-05-2025** **Day: Thursday** **Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## જાતિગત વસ્તી ગણતરીને કેન્દ્રની મંજુરી:

કેન્દ્ર સરકારે આગામી વસ્તી ગણતરીમાં જાતિગત વસ્તી ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની રાજકીય કાર્યવાહી સમિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ખાંડ સીઝન 2025-26 માટે શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ 355 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણયથી પાંચ કરોડ શેરડી ખેડૂતો તેમજ ખાંડ મિલો અને સંબંધિત આનુષંગિક પ્રવૃત્તિઓમાં કાર્યરત પાંચ લાખ કામદારોને ફાયદો થશે.

-----------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-વેવ્ઝ 2025નું ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં ભારતના પ્રથમ વિશ્વ દ્રશ્ય , શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન વેવ્ઝ 2025નું ઉદ્ઘાટન કરશે.
ચાર દિવસની આ સમિટમાં વિશ્વભરનાં સર્જકો , સ્ટાર્ટઅપ્સ, મનોરંજન ક્ષેત્રનાં અગ્રણીઓ અને નીતિ ઘડવૈયાઓ ઉપસ્થિત રહેશે. સંમેલનમાં 90થી વધુ દેશોનાં 10 હજારથી વધુ પ્રતિનિધીઓ ભાગ લેશે. વૈશ્વિક માધ્યમ અને મનોરંજન ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ આ સંમેલનમાં ગ્લોબલ મિડીયા ડાયલોગ પણ યોજાશે, જેમાં 25 દેશોનાં મંત્રીઓ ભાગ લેશે.
સમિટનું મુખ્ય આકર્ષણ વૈશ્વિક ઇ-માર્કેટપ્લેસ ‘વેવ્ઝ બાઝાર’ છે, જેમાં છ હજારથી વધુ ગ્રાહકો, પાંચ હજારથી વધુ વિક્રેતાઓ ભાગ લેશે અને બે હજાર પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવશે. વેવ્ઝ બાઝારનો હેતુ સ્થાનિક અને વૈશ્વિક ગ્રાહકો અને વિક્રેતાઓને એક મંચ પર લાવીને વેપારની તકો સુનિશ્ચિત કરવાનો છે.

-----------------------------------------------------------------------------------------

# ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોનો 65 મો સ્થાપના દિન:

**ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યો આજે તેમનો 65 મો સ્થાપના દિન ઉજવી રહ્યા છે. પૂરા 65 વર્ષ પહેલાં બૃહદ મુંબઈ રાજ્ય નું વિભાજન કરી ગુજરાત અને મહારાષ્ટ્રની સ્થાપના થઇ હતી. પહેલી મે ૧૯૬૦ના રોજ પહેલાં અમદાવાદમાં સાબરમતીના કિનારે લોક સેવક રવિ શંકર મહારાજ નાં આશીર્વચન સાથે નવા રાજ્યનાં મંગલા ચરણ થયા હતા. ગુજરાત નો સ્થાપના દિન ગુજરાત ગૌરવ દિન તરીકે ઉજવાય છે.**
**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સ્થાપના દિવસની સૌ ગુજરાતીઓને ગુજરાત સ્થાપના દિવસની શુભકામનાઓ પાઠવી છે. ગુજરાતના ઘડતરમાં યોગદાન આપનારા સૌના સ્મરણનો અવસર આ ગુજરાત ગૌરવ દિવસ છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું છે. ગુજરાત અમૃતકાળમાં દેશ અને દુનિયાને વિકાસનું આગવું દિશાદર્શન કરાવનારું આદર્શ રાજ્ય બનશે તેમ તેમણે ઉમેર્યું હતું.**

**---------------------------------------------------------------------------------------------**

# શ્રમિક દિન:

**આજે પહેલી મે નો દિવસ મે દિન કે શ્રમિક દિન તરીકે પણ ઉજવાય છે. કચ્છમાં વિવિધ શ્રમિક સંગઠનો દ્વારા તેની ઉજવણી થાય છે.**

**રોટરી ક્લબ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ અને મજુર દિવસ નિમિતે મજૂરો અને મહિલાઓ તથા બાળકોને ઉદભવતા ઘરેલું, સામાજીક અને સંસ્થાકીય પ્રશ્નોનાં નિરાકરણ તેમજ કાયદાકીય માર્ગદર્શન માટે આજે ભુજમાં રોટરી હોલ ખાતે કેમ્પ યોજાશે.**

**---------------------------------------------------------------------------------------------**

# પેન્શનરો-ટપાલ વિભાગ:

**રાજ્યના પેન્શનરોએ હવે હયાતીની ખરાઇ માટે બેંક કે કચેરીમાં જવું પડશે નહીં.**
**પેન્શનરોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે આજે ગાંધીનગરમાં ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કર્યા છે જેના પગલે હયાતીની ખરાઇની સેવા હવે વિનામૂલ્યે ઘરઆંગણે જ ઉપલબ્ધ થશે રાજ્યની પોસ્ટ ઓફિસ ,ઇન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેન્ક મારફત પેન્શનરોને આ સેવાનો લાભ લઈ શકશે.આ નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે.**

**---------------------------------------------------------------------------------------------**

# જાહેર હિસાબ સમિતિ:

સંસદની જાહેર હિસાબ સમિતિમાં રાજ્યસભામાં કોંગ્રેસ પક્ષના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ ફરી ચૂંટાઈ આવ્યા છે. એક યાદીમાં જણાવ્યા મુજબ શ્રી ગોહિલ સતત પાંચ વર્ષથી આ સમિતિમાં સભ્ય છે. નવી રચાયેલી જાહેર હિસાબ સમિતિ 1 મે, 2025થી અમલી બનશે.

---------------------------------------------------------------------------------------------

# દિવ્યાંગો-નાગરિક સંરક્ષણ તાલીમ-બ્રેઈલ લિપિ:

કચ્છમાં દિવ્યાંગો માટે એક નવી પહેલની શરૂઆત કરવામાં આવી છે જેનાથી દેશના 50 લાખથી વધુ અંધજનોને ફાયદો થશે. જિલ્લા નાગરિક સંરક્ષણ કચ્છ અને નવચેતન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગજનો માટે સૌપ્રથમ વખત તૈયાર કરાયેલી નાગરિક સંરક્ષણ તાલીમની બ્રેઈલ લિપિ પુસ્તિકાઓનું આજે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. કચ્છ નાગરિક સંરક્ષણ તંત્રના પ્રયાસથી બનેલી બ્રેઇલ લિપિ પુસ્તિકાથી દેશના 50 લાખ અંધજનોને આપાતકાલીન સ્થિતિમાં રાહત અને બચાવની તાલીમ હવે સંભવ બનશે. બ્રેઈલ લિપિના માધ્યમથી તાલીમ આપવાનો આ પ્રયાસ દિવ્યાંગજનો માટે આપદાની સ્થિતિમાં જીવનરક્ષક સાબિત થશે એમ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

# હવામાન:

કચ્છ સહીત સમગ્ર રાજ્યમાં વરસી રહેલી આકરી ગરમી બાદ હવામાન વિભાગે આગામી ત્રીજી મે થી છઠ્ઠી મે દરમિયાન માવઠાની આગાહી કરી છે. રાજ્યમાં પ્રિ મોન્સૂન એક્ટિવિટી થતા કચ્છ , સૌરાષ્ટ્ર ,ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા સહિતના અનેક સ્થળોએ આ ત્રણ દિવસ દરમિયાન ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગના નિયામક એ કે દાસે જણાવ્યું કે , આગામી 3 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય , ત્યારબાદ સમગ્ર રાજ્યમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. જો કે કચ્છ, મોરબી, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------